# ડેન નેટવર્ક્સ લિમિટેડનો આઈપીઓ ૨૮ ઓક્ટોબરથી ખુલશે




અમદાવાદ, મંગળવાર

ભારતની અગ્રણી કેબલ ડિસ્ટ્રીબ્યુશન કંપની ડેન નેટવર્ક્સ લિમિટેડ (ડેન) રૂ. ૧૦ની કિંમતનો એક એવો કરોડ ઈક્વિટી શેરોના પ્રારંભિક જાહેર ભરણા (આઈપીઓ) સાથે ૧૦૦ ટકા બુક બિલ્ડિંગ પ્રોસેસ દ્વારા મૂડી બજાર પ્રવેશી રહી છે. ઈશ્યુનો પ્રાઈસ બેન્ડ રૂ. ૧૯૫થી રૂ. ૨૦૫ નક્કી કરવામાં આવ્યો છે. ઈશ્યુ ૨૮ ઓક્ટોબર ૨૦૦૯નાં રોજ ખુલશે અને ૩૦ ઓક્ટોબરના રોજ બંધ થશે. બે કરોડ ઈક્વિટી શેરોમાંથી જાહેર જનતાને ૧૯,૭૫૦,૦૦૦ શેરો ઓફર કરવામાં આવશે.

આઈપીઓમાંથી મળનારા ભંડોળનો ઉપયોગ કંપની કેબલ ટેલિવિઝન અને બ્રોડબેન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સેવાઓ વિકસાવવામાં થશે. આ ઉપરાંત કન્ટેન્ટ અને બ્રોડકાસ્ટ રાઈટ્સ ખરીદવા તથા સામાન્ય કોર્પોરેટ હેતુ માટે પણ આ ફન્ડ નો ઉપયોગ કરવામાં આવશે.

સમીર માનચંદા દ્વારા પ્રમોટ કરવામાં આવેલી ડેન નેટવર્ક્સ લિમિટેડ દેશની અગ્રણી કેબલ ટેલિવિઝન કંપનીઓમાં સ્થાન પામે છે, જે સમગ્ર ભારતમાં એક કરોડથી વધુ ગ્રાહકો ધરાવે છે. ડેન હાલમાં રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર દિલ્હી, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, ગુજરાત, કર્ણાટક, હરિયાણા, મધ્યપ્રદેશ અને કેરળમાં કેબલ ટેલિવિઝન સેવા પૂરી પાડે છે.

ડોઈશ ઈક્વિટીઝ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ વૈશ્વિક કો ઓર્ડિનેટર અને બુક રનિંગ લીડ મેનેજર (જીસીબીઆરએલએમ) છે, જ્યારે એન્ટીક કેપિટલ માર્કેટ્સ પ્રાઈવેટ લિમિટેડ કો-બુક રનિંગ લીડ મેનેજર (સીબીઆરએલએમ) છે.